# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૦/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# દક્ષિણ ગુજરાતમાં ૨૦૦ ઓકિસજનયુકત બેડવાળી હોસ્પિટલ બનાવવા ચેમ્બરની બોઈંગ ઇન્ડિયાના પ્રમુખને રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા દક્ષિણ ગુજરાતમાં ૨૦૦ ઓકિસજનયુકત બેડવાળી હોસ્પિટલ બનાવવા માટે નવી દિલ્હીની કંપની બોઈંગ ઇન્ડિયાના પ્રમુખ સલીલ ગુપ્તેને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોનાના દર્દીઓ માટે જ્યારે ઓકિસજનની અછત વર્તાઇ હતી ત્યારે નવી દિલ્હીની કંપની બોઈંગ ઇન્ડિયા કોરોનાના દર્દીઓને કોરોનાથી બચાવવા માટે ભારત સરકારની મદદે આવી હતી અને ઓકિસજનયુકત બેડવાળી હોસ્પિટલ બનાવવાનું કાર્ય આરંભ્યું હતું. બોઈંગ ઇન્ડિયા, દેશમાં ઉત્તરપ્રદેશ અને કર્ણાટક વિગેરે પાંચ જેટલા રાજ્યોમાં ૨૦૦ ઓકિસજનયુકત બેડવાળી હોસ્પિટલ બનાવવા માટે કામ કરી રહી છે.

હાલમાં પણ બોઈંગ ઇન્ડિયા દ્વારા ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે આવેલી વીર બહાદુર સિંઘ સ્પોર્ટ્સ કોલેજ ખાતે ૨૦૦ ઓકિસજનયુકત બેડવાળી હોસ્પિટલ બનાવવામાં આવી રહી છે, ત્યારે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં જ્યારે ડાયમંડ, ટેકસટાઇલ, કેમિકલ, રીયલ એસ્ટેટ અને એગ્રી કલ્ચર વિગેરે ઇન્ડસ્ટ્રી ડેવલપ થઇ છે તેમજ દેશના વિવિધ ખૂણેથી લોકો રોજગાર માટે સુરત આવીને વસ્યા છે ત્યારે મિની ભારત તરીકે ઓળખાતા સુરત શહેરની જનતા તેમજ વિવિધ ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કારીગરોને કોરોનાથી બચાવવા માટે બોઈંગ ઇન્ડિયાને દક્ષિણ ગુજરાતમાં પણ ૨૦૦ ઓકિસજનયુકત બેડવાળી હોસ્પિટલ બનાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.